Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 24 | May – June 2018

# ગ્રામીણ પ્રાથમિક શિક્ષણ અને લોક ભાગીદારી, એક અભ્યાસ

**સંશોધન પ્રશ્નનો પરિચય :**

આપના દેશનાં લોકશાહી પ્રજાસત્તાક બંધારણે માત્ર કેન્દ્ર અને રાજ્ય સ્તરે જ લોકશાહીની જોગવાઈ કરી નથી, પરંતુ તેનાથી આગળ વધીને છેક ધરાતલ પર, ગામડામાં નાના જૂથોમાં જ્યાં નિર્ણયો લેવાતા હોય, તે તમામ સ્તરે નિર્ણયથી અસર પામનારા લોકોની સીમેલગીરી કે ભાગીદારીની કલ્પના કરી છે. પરંતુ તેનાથી આગળ વધીને છેક ધરાતલ પર ગામડા, નાના જૂથોમાં જ્યાં નિર્ણયો લેવાતા હોય તે તમામ સ્તરે નિર્ણયોથી અસર પામનારા લોકોની સામેલગીરી કે ભાગીદારીની કલ્પના કરી છે. ગ્રામસભા, સ્વૈચ્છિક સંસ્થા તથા લોક સુનાવણી જેવા સંસ્થાકીય માળખાઓ ઉભા કર્યા , તેમ છતાં ગામડાના નબળા વર્ગોનાં, છેવાડાના અને વિકાસની પ્રક્રીયાના અસરગ્રસ્ત લોકોની ભાગીદારી જોઈએ તેવી ઉદ્ ભવી નહી, આપને ત્યાં કામ કરતા લોકોનો ૯૩% વર્ગ અસંગઠિત છે,જે ૭ %વર્ગ સંગઠિત છે તેમનો જ અવાજ સંભળાય છે, લોકશાહીનું હાર્દ લોકોની ભાગીદારીમાં છે.પહેલાં તો " ભગવાન સૌ સારા વાના કરશે "તેવી શ્રદ્ધામાં લોકો બેસી રહેતા.પરંતુ આજે " સરકાર અમારા પ્રશ્નો ઉકેલશે" તેવી શ્રદ્ધામાં લોકો બેસી રહે છે.કોઈ પણ સરકાર સંપૂર્ણ નિષ્ઠા અને કાર્ય ક્ષમતાથિ ચાલે તો પણ તે બધા લોકોના બધા જ પ્રશ્નો ઉકેલી શકશે નહી, આથી લોકોએ પોતાના સંસ્થાકીય માળખા દ્વારા પોતાના પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ પોતે કરવો જોઈએ.આજે ખાસ કરીને સરકારી શાળાઓમાં અને તેમાંય ગામડાઓની શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળતું જાય છે ત્યારે આ શિક્ષણનાં સ્તરને સુધારવા માટે સરકારી પ્રયત્નો ઉપરાંત લોકોનો સહકાર કે ભાગીદારી એટલા જ જરૂરી છે.

**સંશોધનનું વ્યાપ વિશ્વ** ( અભ્યાસ ક્ષેત્ર ) :

સુરેન્દ્રનગર જિલ્લાનો પાટડી તાલુકો, કચ્છનાં નાના રણને કાંઠે આવેલો, સામાજિક, આર્થિક અને શૈક્ષણીક રીતે પછાત સ્થિતિ ધરાવતા લોકોનો આ વિસ્તાર. સંશોધકનાં વતનનો આ વિસ્તાર હોઈ, સંશોધકના પોતાના મનમાં પ્રશ્ન થયો કે આ પાટડી તાલુકામાં શિક્ષણનાં વિકાસ માટે અહીંના લોકોની સહભાગીદારી કેવી છે?, એ જાણવાના મુખ્ય હેતુસર આ અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

આ અભ્યાસની સાથે સાથે “પાટડી તાલુકો અને સમસ્યાઓ” વિશે ઝીંઝુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક્શ્રી દાદુભાઈ રબારીએ લખેલ પોતાના પુસ્તકમાં અનેક સમસ્યાઓની સાથે શિક્ષન્નિ સમસ્યાઓમાં, ડ્રોપ આઉટનું ઊંચું પ્રમાણ, સ્ત્રી શિક્ષણનું નીચું પ્રમાણ, ઉચ્ચ શિક્ષણનો અભાવ, શિક્ષણમાં લોક શ્ભાદીદારીનો મોટો અભાવ જેવા મુદ્દાઓ સાથે, એકંદરે સારા શિક્ષણનાં અભાવે આ વિસ્તારનો વિકાસ રૂંધાયો તે વાત જોવા મળેલ. ઉપરાંત “સ્પારતા દર્શન”, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, “શિક્ષણની સમસ્યાઓ” સી.કે. પટેલ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ તથા “વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા મોડ્યુલ” ગુપ્તા જે. પી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,ગાંધીનગર વગેરે જેવા સંદર્ભોને દયાને લઈને અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

**અભ્યાસના હેતુઓ :**

૧. અભ્યાસ હેઠળના પાટડી તાલુકાની શૈક્ષણીક સ્થિતિ જાણવી

૨. અભ્યાસ હેઠળના આ વિસ્તારમાં શૈક્ષણીક વિકાસ માટે ગ્રામ પંચાયતોની ભૂમિકા સમજવી

૩. અભ્યાસ હેઠળના આ તાલુકામાં શૈક્ષણીક વિકાસ માટે SMC ( સ્કુલ મેનજમેન્ટ કમીટી )નાં પ્રયાસો જાણવા

૪. અભ્યાસ હેઠળના પાટડી તાલુકાનાં શૈક્ષણીક વિકાસ માટેનાં ગામ લોકોના પ્રયાસો / લોક ભાગીદારી ને સમજવી

**સંશોધન ડીઝાઈન, માહિતી એકત્રીકરણ તથા પૃથ્થકરણ :**

આ અભ્યાસ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકા પુરતો સીમિત છે. પાટડી તાલુકામાં કુલ ૯૨ ગામો છે. આ તાલુકાની ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોનાં ( છેવાડા છેવાડાનાં) પાંચ પાંચ ગામો તથા મદીના પાંચ ગામો મળી કુલ ૨૫ ગામો આ અભ્યાસ હેઠળ આવરેલ, જેથી તાલુકાના સમગ્ર વિસ્તારનો તાગ મેળવી શકાય. આ વિશેના અભ્યાસની માહિતી મેળવવા જે તે ગામની પ્રાથમિક શાળાના આચાર્યો આ અભ્યાસના ઉત્તરદાતાઓ છે. માહિતી એકત્રીકરણ માટે એક અનુસુચી બનાવવામાં આવેલ, અનુસુચી ભરીને મળેલ માહિતીમાંથી મહત્વની માહીતીઓની વિગત નીચે મુજબ જોઈશું.

**ગ્રામપંચાયતની વિવિધ સમિતિઓના સભ્યો, શિક્ષણનાં વિકાસ માટે નિયમિત શાળાની મુલાકાત લે છે કે કેમ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ગ્રામપંચાયતની વિવિધ સમિતિઓના સભ્યોની શાળા મુલાકાત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૦૮ | ૩૨ |
| ૨ | ના | ૧૭ | ૬૮ |
| કુલ | | ૨૫ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે આ પાટડી તાલુકામાં મોટાભાગના ( એટલે કે ૬૮ % ) ગ્રામપંચાયતોના સભ્યો પોતાના ગામના શિક્ષણ વિકાસ માટે રસ ણ ધરાવતા હોઈ નિયમિત શાળાની મુલાકાત લેતા નથી, શાળાના વિકાસમાં આ યોગદાન કે લોક ભાગીદારી વધશે તો જ શાળાઓ અને ભણતા વિદ્યાર્થીઓનો વિકાસ શક્ય બનશે.

**શિક્ષણ વ્યવસ્થાપક સમિતિ ( S. M.C. ) નાં સભ્યોની શિક્ષણ વિકાસમાં ભાગીદારી કેવી છે? તે બાબત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | S.M.C.નાં સભ્યોની શિક્ષણ વિકાસમાં ભાગીદારી | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | સારી | ૦૪ | ૧૬ |
| ૨ | મધ્યમ | ૧૩ | ૫૨ |

| | | | |
|---|---|---|---|
| 3 | નબળી | ૦૮ | ૩૨ |
| કુલ | | ૨૫ | ૧૦૦ |

ઉપરોક્ત મળેલ માહિતી પરથી જોઈ શકાય છે કે અભ્યાસ હેઠળના પાટડી તાલુકાના આ ૨૫ ગામોમાં S.M.C.નાં સભ્યોની શિક્ષણ વિકાસમાં મોટે ભાગે એટલે કે ૫૨ ટકા ભાગીદારી મધ્યમ પ્રકારની તથા ૩૧ ટકા નબળી ભાગીદારી જે યોગ્ય નથી. આમ શિક્ષણ વિકાસની મુખ્ય જવાબદારી નિભાવતી આ S.M.C. સમિતિની ભાગીદારી વધશે તો જ શિક્ષણનો વિકાસ યોગ્ય અને ઝડપી બની શકશે.

**સમુદાયના સભ્યો શાળાના કાર્યોમાં મદદરૂપ થાય છે કે નહી ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | સમુદાયના સભ્યોની મદદ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૦૯ | ૩૬ |
| ૨ | ના | ૧૬ | ૬૪ |
| **કુલ** | | **૨૫** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, પાટડી તાલુકાનાં આ અભ્યાસ હેઠળના ૨૫ ગામોમાંથી ૩૬ ટકા ગામોના સમુદાયના સભ્યો શાળાના કાર્યોમાં મદદ કરે છે. પરંતુ મોટાભાગના ( એટલે કે ૬૪ % ) લોકો હજુ પણ શાળાના કાર્યોમાં રસ લેતા જ નથી, એવું ઉત્તરદાતાઓનું માનવું છે. શાળાના કાર્યોમાં લોકભાગીદારી વધે તો એકંદરે શિક્ષણમાં સુધાર ચોક્કસ આવી શકે.

**ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ, વાલી મીટીંગમા હાજરી આપે છે કે કેમ ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વાલીઓની વાલી મીટીંગમા હાજરી | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૦૫ | ૨૦ |
| ૨ | ના | ૨૦ | ૮૦ |
| **કુલ** | | **૨૫** | **૧૦૦** |

આમ અભ્યાસ હેઠળનાં ખુબ ઓછા એટલે કે ૨૦ ટકા વાલીઓ જ વાળી મીટીગમાં હાજરી આપે છે. શાળામાં અભ્યાસ કરતા દરેક બાળકના વાલીઓ, વાલી મીટીંગમાં હાજરી આપે તો પોતાનું બાળક શિક્ષણને લઈને કઇ પરિસ્થિતિ પર છે ?

તેના વિકાસ માટે શું કરી શકાય? તે વાલી સમજી શકે, અને બાળકના શૈક્ષણિક વિકાસ માટે પગલા લઇ શકે તથા મોટાભાગના વાલીઓ આવી મીટીંગમાં આવે તો શિક્ષણનાં સ્તરમાં જરૂરથી ઝડપી વિકાસ શક્ય બને.

**ગામનાં લોકો શાળાના કયા ક્યા કાર્યક્રમોમાં હાજરી આપે છે ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **શાળાના કાર્યક્રમો અને ગામ લોકોની હાજરી** | **આવૃત્તિ** |
|---|---|---|
| ૧ | શાળા પ્રવેશોત્સવ | ૦૮ |
| ૨ | રાષ્ટ્રીય પર્વની ઉજવણી | ૨૦ |
| 3 | બાલ રમતોત્સવ | ૦૪ |
| ૪ | સાંસ્કૃતિક કાર્યક્રમ | ૦૭ |
| ૫ | અન્ય | ૦૨ |

( **નોંધ** : આ પ્રશ્નનાં એક કરતા વધુ ઉત્તર મળેલ છે )

અભ્યાસ હેઠળના આ ૨૫ ગામોમાંથી સૌથી વધારે એટલે કે ૨૦ ગામોના લોકો રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં જોડાય છે. જે રાષ્ટ્રીય ગૌરવની બાબત ઉજાગર કરે છે પરંતુ શાળાના ઉપરોક્ત બાકી કાર્યક્રમોમાં આજે પણ ગામના લોકોની ઉદાશીનતા જોવા મળે છે. જે બાબત શિક્ષણનાં વિકાસને રૂંધે તેવી છે.

**ગામ સમુદાયના લોકો શાળાના વિકાસ માટે ક્યા ક્યા પ્રકારનો સહકાર આપે છે ? તે બાબત દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **શાળાને લોક સહકાર** | **આવૃત્તિ** | **ટકા** |
|---|---|---|---|
| ૧ | દાન | ૦૬ | ૨૪ |
| ૨ | જરૂરી સાધન સહાય | ૦૭ | ૨૮ |
| 3 | વિદ્યાર્થીઓને પુરસ્કાર દ્વારા પ્રોત્સાહન | ૦૭ | ૨૮ |
| ૪ | શાળાના વિકાસની અન્ય જવાબદારી | ૦૫ | ૨૦ |
| **કુલ** | | **૨૫** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, પાટડી તાલુકાનાં આ અભ્યાસ હેઠળના ૨૫ ગામોની શાળાઓમાંથી ૬ ગામોમાં દાન, ૭ ગામોમાં સાધન સહાય અને ૭ ગામોમાં વિદ્યાર્થીઓનાં વિકાસને પ્રોત્સાહન માટે પુરસ્કાર અપાય છે. આ પ્રવુત્તિ વધે તો વિદ્યાર્થીઓનો વિકાસ ઝડપી બની શકે, આ ઉપરાંત શાળાના વિકાસ માટે ફક્ત ૨૦ ટકા ગામોમાં ગામ લોકોએ જવાબદારી ઉઠાવેલ જોવા મળેલ તે ખૂબ જ ઓછુ કહેવાય.

**અભ્યાસના અન્ય તારણો** :

આ વિસ્તાર એકંદરે આર્થિક, સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત હોવાથી ગ્રામ સમુદાયનાં લોકો તરફથી શાળાના તથા શિક્ષણનાં વિકાસ માટે લોકસહકાર ખૂબ ઓછો મળે છે, તેની પાછળ બીજા કારણોમાં અભ્યાસ દરમ્યાન એક બાબત જાણવા મળી કે શિક્ષણનું આ કાર્ય સરકારનું છે, આ કાર્યક્રમ સરકારી છે એમાં અમારી ( ગ્રામ લોકોની ) ભૂમિકાની કોઈ જરૂર નથી, એવી ગ્રામ લોકોની માનસિકતા શિક્ષણમાં ઓચિ લોકભાગીદારી માટે જવાબદાર હોએ શકે, એવું આ અભ્યાસ પરથી જોઈ શકાય છે. કારણ કે પહેલેથી જ શિક્ષણ સાથે સ્થાનિક લોકોને જોડવામાં આવ્યા નથી એવી આપણી અત્યારની શિક્ષણપ્રણાલી રહી છે.

**ક્રિયાત્મક પગલા/(સુચનો)** :

૧. S.M.C.માં શિક્ષિત્ અને શૈક્ષણીક વિકાસમાં રસધરાવતા ગામના નાગરિકો જોડાય તેતે જરૂરી.

૨. S.M.C.નાં સભ્યો નિયમિત મળે અને સમસ્યાના સમાધાનો સબંધી લાગણી અને મહેનત જરૂરી.

3. ગામના વડીલો, આગેવાનો (સરપંચ શ્રી, શિક્ષણનાં જ્વાબદાર ગ્રામ પંચાયતનાં સભ્યો, S.M.C.નાં સભ્યો) અન્ય શિક્ષિત્ નાગરિકો વગેરે દ્વારા શાળાની મુલાકાતો તથા શાળાના ખાસ પ્રસંગો કે ઉત્સવોમાં , ઉત્સાહભેર ભાગીદારી, પ્રોત્સાહન અને પ્રેરણા વગેરે, સંશોધકને ખાસ જરૂરી લાગ્યું છે.

**ઉપસંહાર** :

આપણા વિશાળ આ દેશમાં વિકાસના દરેક ક્ષેત્રમાં તથા દરેક બાબતને સરકાર પહોચી વળે તેમ નથી, લોકશાહીમાંતો લોકો જ સર્વોપરી છે. આથી દરેક લોકોએ વિકાસલક્ષી કામગીરીમાં યથાયોગ્ય યોગદાન આપવું જોઈએ. પ્રજા જાગૃત થશે ત્યારે દરેક પ્રવૃત્તિઓમાં પ્રજાનું યોગદાન વધશે અને તો જ આપણા આ વિશાળ દેશનો વિકાસ ઝડપી બની શકશે.

આમ “જાગત હૈ વહ પાવત હૈ, ઔર સોવત હૈ વાહ ખોવત હૈ” આ ઉક્તિ મુજબ ગામડાના લોકોની શિક્ષણ તથા શાળા અનુંસંધાનેની જાગૃતિ અને સહકાર જેટલો વધશે તેટલો શાળાનો વહીવટ સારી ગુણવત્તાવાળો બનશે. તથા શિક્ષણનું સ્તર સુધરતું જશે. અભ્યાસ હેઠળના આ વિસ્તારમાં શિક્ષણ અનુસંધાને લોક જાગૃતિ અને લોકભાગીદારી વધે તેની ખાસ જરૂર જણાય છે.

આશા રાખીએ આવતા દિવસોમાં આ જવાબદારી આ વિસ્તારના નવયુવાનો ઉપાડે અને ગુજરાતના અન્ય શિક્ષિત્ વિસ્તારોની જેમ આ વિસ્તારમાં પણ શિક્ષણનું સ્તર ઉપર ઉઠી, ગુજરાત અને દેશના વિકાસમાં સહભાગી બને.

## સંદર્ભ સાહિત્ય


I. આમ્રપાલી મર્ચન્ટ, ૨૦૦૪, “ભારતીય વસ્તી અને સમાજ”, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત.

II. ગુપ્તા જે.પી., સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટ, ગાંધીનગર, ૨૦૧૭, “વૈકલ્પીક શિક્ષણ વ્યવસ્થા મોડ્યુંઅલ”

III. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૧૧ “ સાક્ષરતા દર્શન ”

IV. જોષી વિદ્યુત (ડૉ.), ૨૦૧૦ "લોક ભાગીદારી", ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

V. પટેલ સી.કે., ૧૯૯૬, " શિક્ષણની સમસ્યાઓ", ગુર્જર પ્રકાશન, અમદાવાદ

VI. મીતા દુધરેજીયા, ૨૦૦૫, "સમય સાથે કદમ કુચ : કન્યા કેળવણી" જીલ્લા કો ઓર્ડીનેટર, ભાવનગર

VII. રબારી દુદાભાઈ, ૨૦૦૫, " પાટડી તાલુકો અને સમસ્યાઓ "

VIII. શાહ એજી. અને દવે જે.કે., ૨૦૧૦, "ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન", અનડા પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ


***************************************************************************


**ડૉ. બાદર કુરેશી**

અધ્યાપક

મ.દે. ગ્રામસેવા મહાવિદ્યાલય

ગૂજરાત વિદ્યાપીઠ


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat